# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા સોયાબીન પાકની ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ-જીવાત નિયંત્રણ વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગો યોજાયા

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં તારીખ ૦૨/૦૮/૨૦૨૩ અને 03/૦૮/૨૦૨૩ ના રોજ ગામ બારા, જેરજીતગઠ , દેગાવાડા અને લુખાવાડા તા- લીમખેડા ખાતે **સોયાબીન પાકની ખેતી પધ્ધતિ અને સંકલિત રોગ-જીવાત નિયંત્રણ** વિષય ઉપર ક્ષેત્રિય તાલીમ વર્ગો યોજાયા. આ ચાર ગામોમાં તાલીમની શરૂઆતમાં **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી ખેડૂતોનું સ્વાગત કર્યું તેમજ કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા તેમજ સોયાબીન પાકમાં મુખ્ય રોગ અને જીવાત નિયંત્રણ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી. કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ. એ. વાય. માકણી** દ્વારા સોયાબીન પાકની ખેતી પધ્ધતિ વિષય ઉપર ખેડૂતોને વિસ્તૃતમાં માર્ગદર્શન આપવામાં આવ્યું . ક્ષેત્રિય તાલીમ વર્ગ ની સાથે-સાથે સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ. યોજના અંતર્ગત કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા સોયાબીન પાકોના નિર્દર્શનની મુલાકાત લેવામાં આવી. આ સમગ્ર પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ જે થકી ચાર ગામોનાં કુલ ૧૦૨ (૮૨ ભાઈઓ અને ૨૦ મહિલાઓ) ખેડૂતોએ ભાગ લીધેલ.








